## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




તમારા પર મારો પ્રેમ જરાય ઓછો નથી થયો... તમારા ટીફીનમાં ચાર દિવસ ટામેટાનુ કચુંબર ન મુક્યુ તેમાં આવુ માની લેવાનું ...!!





દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે આ વર્ષને 'મિલિટ વર્ષ' તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે, તે વાતને બળવત્તર બનાવવા માટે મહિલા બાળ વિકાસ વિભાગ તરફથી ડભોડા આંગણવાડી સંચાલક બેનોની મિલિટ (ધન્ય)માંથી બનતી વિવિધ પૌષ્ટિક વાનગીઓની સ્પર્ધા યોજાઈ ગઈ. સેજાની કુલ ૨૬ બેનોએ ભાગ લીધો હતો. તમામ બેનોએ ખુબજ સ્વાદિષ્ટ વાનગીઓ બનાવી હતી. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ મહોબતસિંહ, તાલુકા સદસ્ય સજનબેન પરમાર, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ ત્રણ વિજેતા બેનોને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં આજે સવાર-બપોર-સાંજ એમ ત્રણ ભાગમાં હળવા વરસાદી ઝાપટા નોંધાયા હતા.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં અધિક શ્રાવણ અને શ્રાવણ માસની તૈયારીમાં શિવભક્તો શિવાલયોમાં પહોંચી રહ્યા છે.

● ગાંધીનગર શહેરમાં શાકભાજીના ભાવમાં વધારો થતાં ગૃહીણીઓનું બજેટ ખોરવાયુ છે.

● ગાંધીનગર શહેરમાં હળવા વરસાદમાં પણ પાણી ભરાઈ રહેતાં નગરજનો સતત કાદવ-કીચડથી પરેશાન થયા છે.

● પંચદેવ મંદિર નજીક પાણીના નિકાલ માટે ગટરલાઈન પાસે ખોદકામ કરાતાં આજે દર્શનાર્થે આવેલા ભક્તોની ગાડીઓ ફસાઈ હતી.

● ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગ ૫ નંબરના માર્ગ પર મેટ્રોરેલના ચાલી રહેલા કામને કારણે સ્ટ્રીટલાઈટો બંધ રહેતાં અકસ્માતનો ભય લોકોને સતત સતાવી રહ્યો છે.

● સઈજ ગામે ઓ.એન.જી.સી.માં કોન્ટ્રાક્ટમાં મુકેલ ઈમરજન્સી ગાડીની ઉઠાંતરી કરી ડ્રાયવર ફરાર.

● ડભોડા એમ.એચ. વિદ્યામંદિરમાં વિદ્યાર્થીનીઓ માટે એક દિવસીય પ્રવાસ યોજાયો.

● સે. ૬ શાકભાજી માર્કેટમાંથી એક યુવાનનો આઈફોન ગાયબ થતાં ચકચાર મચી.

● માણસાના બોરૂ ગામની સીમમાં બોરકુવા પરથી ૨૫ હજારનો કેબલ વાયર ચોરાયો.

● રખિયાલના જોઈતાજીની મુવાડી ખાતે ખેતર બહાર પાર્ક કરેલી બાઈકની ઉઠાંતરી થયાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

● ચિલોડામાં આંગણવાડી તેમજ જિલ્લા આઈસીડીએસ દ્વારા વાનગી હરિફાઈનું આયોજન કરાયુ.

● છાલા સબસ્ટેશનમાં વીજ ધાંધિયાથી લોકો પરેશાન.

● દહેગામમાંથી મારામારીના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી ફરાર મહિલાને પોલીસે ઝડપી લીધી છે.

● ગાંધીનગર જિલ્લામાં ધિરાણ યોજના-૨૩ અંતર્ગત બેંકોને ધિરાણના લક્ષ્યાંકો ફાળવવામાં આવ્યા.

● જિલ્લામાં બોર્ડની ધો. ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાની તૈયારીમાં શિક્ષણતંત્ર વ્યસ્ત બન્યુ.

● ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યુ છે.

● સે. ૧૬ની પ્રા. શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરાયુ.

● કુડાસણ પ્રા. શાળામાં બાળકો દ્વારા વૃક્ષારોપણ કરાયુ.

● આજે ગાંધીનગર એસ.કે. પટેલ કોલેજ સે. ૨૩ ખાતે વિચાર ગોષ્ઠીનું આયોજન કરાયુ છે.

# કલોલ ઈસંડ નજીક કંપનીમાં ક્રેન પડતા એક વ્યકિતનું મૃત્યુ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના પાનસર-ઈસંડ માર્ગ પર નેકસા ફાસ્ટનર્સ કંપનીમાં મોટી લોડીંગ ક્રેન પડવાથી લોડર તરીકે કામ કરતા એક શ્રમિકનું મૃત્યુ થવા પામ્યું છે. ક્રેન પડતા આસપાસમાંથી મોટીસંખ્યામાં નાગરીકો દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી.

મળતી વિગત મુજબ કલોલના ઈસંડ રોડ પર આવેલી નેકશા ફાસ્ટનર્સ કંપનીમાં છેલ્લા પાંચ વર્ષથી સુરેશભાઈ નારણદાસ પટેલ નોકરી કરતા હતા. આજે સવારે સુરેસભાઈ નોકરી પર ગયા હતા. જયાં અન્ય કર્મચારીઓ સાથે ક્રેનમાં માલ સામાન લોંડીગ કરી રહ્યા હતા.તે સમયે અચાનક લોંડીગ ક્રેન નમી રહી હતી. જેથી સ્થિતિ પારખી ગયેલા સુરેશભાઈ સહિતના કર્મચારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. સુરેશભાઈ પણ પોતાનો જીવ બચાવવા માટે ક્રેન થી દુર દોડી રહ્યા હતા. પરંતુ ગણતરીના સમયમાં કંઈ કોઈ સમજે કે વિચારે તે પહેલા જ સુરેશભાઈના માથા પર ક્રેન પડી હતી. જેથી ગંભીર ઈજાને પગલે સુરેશભાઈનું મૃત્યુ નિપજયું હતું. સુરેશભાઈના મૃત્યુના સમાચાર સાંભળી કંપનીના માલિક પણ દોડી આવ્યાહતા.જયારે તેમના પરિવારના સભ્યો ને પણ જાણ થતા કંપની ખાતે આવ્યા હતા. બનાવની જાણ થતા ૧૦૮ તેમજ પોલીસ પણ સ્થળ પર પહોંચી જઈને ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પર્યાવરણ પ્રેમીએ વૃક્ષો વાવ્યા પરંતુ તંત્રએ ખરાબ હાલત કરી.!

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં તંત્રની પર્યાવરણ બાબતે કેટલી ગંભીરતા છે ત્યાં એક તસ્વીર પરથી જણાઈ આવે છે. એક તરફ ગાંધીનગરમાં મેયર દ્વારા ગટર લઈને પ્રોજેક્ટ માં ફેરવિચારણા કરીને વૃક્ષો બચાવવાની વાતો કરવામાં આવી રહી છે, બીજી તરફ શહેરમાં પાઈપલાઈન નાખવાનું કામ કરી રહેલી એજન્સી દ્વારા પર્યાવરણ પ્રેમી નાગરિકોએ વાવેલા વૃક્ષોને નુકસાન થાય તે રીતે પાઈપોના ખડકલા કરવામાં આવી રહ્યા છે. શહેરના સેક્ટર-૧૪માં નવરાત્રી ચોકમાં ફરતે એક જાગૃત પર્યાવરણ પ્રેમી દ્વારા વાવવામાં વૃક્ષોને નુકસાન થાય તે રીતે પાઈપલાઈનના ખડકલા કરવામાં આવ્યા છે તેમજ વૃક્ષોની આસપાસ પણ વધેલો સિમેન્ટ નાખવામાં આવે છે જેના કારણે વૃક્ષોને નુકસાન થઈ રહ્યું છે. આ



અંગે વૃક્ષોનું વાવેતર કરનાર પર્યાવરણ પ્રેમી દ્વારા અવારનવાર સ્થળ પરના કર્મચારીઓને વિનંતી કરવા છતાં તેઓ ગણકારતા નથી જેના કારણે સ્થાનિક નાગરિકોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

# કુડાસણ શિવાલય પરિસર ખાતે પાર્કિંગ બાબતે મારામારી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર કુડાસણ વિસ્તારમાં આવેલા શિવાલય પરિસર ખાતે કાર પાર્કીંગ બાબતે શખ્સે ઝઘડો કરી યુવકને પટ્ટો કાઢી મારામારી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા યુવકની માતાએ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર કુડાસણ શિવાલય પરિસરમાં નિધી પુષ્પેન્દ્ર ગૌડ પોતાના પરિવાર સાથે રહે છે.જયારે પરિવારમાં પતિ તેમજ બે દિકરાઓ છે. શિવાલય પરિસર ખાતે રહીને ઘરકામ કરે છે.જયારે તેણીના પતિ કર્મયોગી ભવન સે-૧૦ ભારતીય ખાણ બ્યુરોમાં સરકારી નોકરી કરે છે. જયારે પોતાની પાસે સ્વીફટ કાર આર.જે.૧૯.સી.સી.-૨૬૩૭ છે. ગત તા.૬ ના રોજ તેણીના પતિ સવારના વહેલા સાડા નવ વાગ્યાના સમયમાં તેઓ નોકરી જતા રહ્યા હતા.ત્યારબાદ ડ્રાઈવરે ભુલ થી કાર સી. ૬૦૪ ફલેટના પાર્કિંગના કાર પાર્ક કરી હતી. જેથી સિક્યુરીટી ગાર્ડ ગાડી ખોટી જગ્યાએ પાર્ક કરી હોવાનું કહેતા ફરીયાદીનો દિકરો ગાડી પાર્કિંગમાંથી ખસેડવા માટે ગયો હતો. જેથી યુવકને અન્ય શખ્સ સાથે પાર્કિંગ અંગે માથાકુટ થઈ હતી. ત્યારે પાર્થ પંડયા અચાનક ઉસ્કેરાઈ જઈને ધક્કો માર્યો હતો. તે સમયે ફરીયાદીના દિકરા સાથે શખ્સનો ઝઘડો પણ વધી ગયો હતો. જેથી શખ્સે યુવકને પટ્ટા વડે, માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ફરીયાદ નોંધાઈ છે.

# બહિયલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબ અનિયમિત હોવાની ફરીયાદો ઉઠી

ગાંધીનગર, તા.૮

સરકાર દ્વારા છેવાડાના માનવીને પણ આરોગ્ય સુવિધાઓ મળી રહે તે માટે પ્રયાસો કરવામાં આવે છે. અનેક યોજનાઓ બનાવવામાં આવે છે. પ્રજાને સારામાં સારી સારવાર મળે તે માટે તગડો પગાર આપીને તબીબોને નિમણૂંક આપવામાં આવે છે. તો એકવાર સરકારી નોકરી મળ્યા બાદ તબીબો મનસ્વી રીતે નોકરી કરતા જોવા મળે છે. આવું જ દહેગામ તાલુકાના બહિયલ ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જોવા મળી રહ્યું છે. મેડિકલ ઓફિસર અને આયુષ તબીબ નિયમિત રીતે હાજર ન રહેતા હોવાથી આસપાસના ગામડામાં રહેતી પ્રજાને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ગુજરાત સરકાર દ્વારા પ્રજાના સ્વાસ્થ્યને લઈને અનેક ઉત્કૃષ્ટ યોજનાઓ બનાવવામાં આવી છે. ગુજરાત રાજ્યના છેવાડે રહેતા માનવીને પણ ઉત્કૃષ્ટ તબીબી સારવાર મળી રહે તે માટે આરોગ્ય કેન્દ્ર બનાવવામાં આવ્યા છે. અને સમયસર યોગ્ય અને પૂરતી સારવાર મળી રહે તે માટે ઊંચા પગારે તબીબોને પણ નિયુક્ત કરવામાં આવ્યા છે. પરંતુ અન્ય વિભાગના સરકારી બાબુઓની જેમ તબીબી ક્ષેત્ર સાથે જોડાયેલા સરકારી તબીબો પણ મનસ્વી બની ગયા હોય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. બહિયલ અને તેની આસપાસના પરા વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો રહે છે. બીમારીના વાવર વચ્ચે જ્યારે પણ દર્દીને લઈને પરિવાર બહિયલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પહોંચે ત્યારે તબીબ હાજર ન હોવાનો જ મોટાભાગે જવાબ મળતો હોય છે. અહીં પોતાના અંગત કામ માટે કરતા તબીબો પણ સાહેબ મિટિંગમાં છે તેવો તઘલખી જવાબ આપી દેતાં હોય છે. જેને કારણે ગ્રામજનોને પોતાના દર્દીને લઈને અન્ય સરકારી દવાખાનામાં જવાની ફરજ પડે છે. છેલ્લા લાંબા સમયથી આ પરિસ્થિતિ હોવાથી દર્દીઓ દ્વારા તબીબની ગેરહાજરી મામલે વારંવાર રજૂઆતો અને ફરિયાદો કરવામાં આવી છે. તો તેમ છતાં પણ તંત્રના પેટનું પાણી હલતું નથી. જેને કારણે હાલાકી વેઠતી પ્રજામાં રોષ જોવા મળી રહ્યો છે. આરોગ્યની કથળેલી સેવા સામે છેલ્લા લાંબા સમયથી મૂક શિક્ષક બનેલા અધિકારીઓ દ્વારા અંતે અનિયમિત તબીબ સામે પગલાં ભરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# સેકટર-૬ માં શાકભાજી ખરીદી માટે ગયેલા યુવકના મોબાઈલની ચોરી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૬ વીર ભગતસિંહ બી.૪૦૨ ખાતે રહેતા જયેશ વિનુભાઈ પટેલ સેકટર-૬ શાકભાજી માર્કેટમાંથી પેન્ટના ડાબી બાજુના ખિસ્સામાં રહેલો એપલ કંપનીનો આઈફોન-૧૩ કોઈ શખ્સ ચોરી કરી જતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના દહેગામના પાલૈયા ગામના અને ઝાંક જીઆઈડીસી ખાતે ફાઉન્ટ્રીનો વેપાર કરે છે. ગત તા.૬ ના રોજ ઝાંક જીઆઈડીસી થી નીકળી સેકટર-૬માં શાકમાર્કેટમાં ગયા હતા. અંદાજે સવા સાત વાગ્યાના અરસામાં શાકભાજીની ખરીદી કરી તેના પૈસા ચુકવવા ખીસ્સામાં પૈસા લેવા જતા ધ્યાન ગયું કે પેન્ટના ખીસ્સામાં મુકેલ ફોન નથી. જેથી ફોનની આસપાસમાં શોધખોળ કરી હતી. પરંતુ મોબાઈલ ફોન મળી ન આવતા યુવકે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૫૦ હજારના મોબાઈલ ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

# ચિલોડા ગ્રામ્ય પંથકમાં હળવા વરસાદી ઝાપટાં

ચિલોડા,તા.૦૮

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગ્રામીણ વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી આકાશી મેઘરાજાનું ધીમે ધીમે આગમન થયું છે ચિલોડા ઈસનપુર મોટા મગોડી શિવપુરા કંપા ચંદ્રાલા જાખોરા ડભોડા સાદરા વગેરે ગામોમાં આ વર્ષે ખરીફ પાકમાં મગફળી અને કપાસનું વાવેતર સારા પ્રમાણમાં થયું છે ત્યારે વરસાદના બીજા રાઉન્ડમાં મેઘરાજાનું હળવા થી મધ્યમ વરસાદના ઝાપટાં રૂપે ઝરમર વરસતા ખેતી અને પાકને અનુકૂળ વધુ માફકસર વરસાદ થી ખેતરો લીલાંછમ છવાઈ કે લહેરાઈ રહ્યા છે ખેડૂતઆલમમાં સારા પાકની આશા કે વર્ષમાં સારૂ ઉત્પાદન થશે તેવી ધારણા કે સંભાવના વ્યકત કરી ખુશ માં મલકાઈ રહ્યા છે ખરીફ પાકમાં કાચા સોના જેવો આકાશી મેઘરાજાનું હળવો વરસાદની પધરામણી ખેડૂતો વધાવી રહ્યા છે આ વિસ્તાર માં ચોમાસુ નો મુખ્ય ડાંગર પાકનું વાવેતર માટે ધરું વાવી ઉછેર કરી રોપણી માટે મજૂર આવતા કામ કાજ અઠવાડિયામાં શુભારંભ થશે તેવું અનુમાન ખેડૂતો તૈયારી કરી દીધી છે મગફળી અને કપાસમાં ખેડ ખાતર અને નિંદામણ કરી પાકની માવજતથી આખરી ઓપ આપવા સજ્જ બન્યા છે આ વર્ષે જૂન જુલાઈ માસ માં સમય સર વરસાદ થી ખેતી સારા પ્રમાણમાં ઉત્પાદન થશે તેવી અપેક્ષા ઓ લાગી રહી છે

# સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનના પાર્કિંગમાંથી બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૮

શહેરના સેકટર-૧૬ સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનના પાર્કિંગ પાર્ક કરી ચાલવા માટે ગયેલા યુવકના બાઈકની ઉઠાંતરી થઈ જવા પામી છે.ત્યારે યુવકે બાઈકની શોધખોળ કરવા છતા મળી ન આવતા ગુનો નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીગનર શહેરના સેકટર-૨૫ જીઆઈડીસી સ્થિત સમર્પણ પી.જી.માં રહેતો જેમી જોશ સહજાનંદ લેસર ટેકનોલોજી લીમીટેડમાં સિનિયર એકઝયુક્યુટીવ તરીકે ફરજ બજાવે છે. કેરાલા પાર્સિંગનુ એફ ઝેડ બાઈક નં. કે.એલ.-૮.બી.વી.-૩૧૮૩ લઈને જેમી સેકટર-૧૬ સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનના પાર્કિંગમાં પાર્ક કરી વોંકીગમાં નીકળ્યા હતા. ત્યારબાદ રાત્રીના ૯ વાગે પરત આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી બાઈક અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ હાથ ધરી હતી.પરંતુ બાઈક મળી ન આવતા સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

### શ્રી એમ એચ.વિદ્યા મંદિર ડભોડા ખાતે

# વૃક્ષમાં વાસુદેવ છોડમાં રણછોડ ભાવનાને ચરિતાર્થ કરતી શાળા



ચિલોડા,તા.૦૮

શ્રી એમ. એચ. વિદ્યામંદિર ડભોડા ખાતે વૃક્ષમાં વાસુદેવ, છોડમાં રણછોડ ...આ ભાવનાને ચરિતાર્થ કરી ફક્ત શાળાના બાળકો જ નહીં પણ સમગ્ર શાળા પરિવાર અને વિશેષ વાલીગણની પર્યાવરણ પ્રત્યેની પોતાની વ્યક્તિગત જવાબદારી સમજી વૃક્ષારોપણનું મહત્વ શાળામાં અભ્યાસ કરતા બાળકોને સમજાવવામાં આવ્યું અને સમગ્ર શાળામાંથી ૧૫૦ બાળકોને પસંદ કરી તેમના વાલીગણ સાથે ચર્ચા કરી તેમને નક્કી કરેલ જગ્યાએ અમારી શાળા પરિવાર દ્વારા ચાર ટીમ બનાવી...

વૃક્ષા રોપણની જવાબદારી ઉપાડી લીધી... જેમાં ગત વર્ષ કરતા આ વર્ષે વાલીશ્રીઓની રજૂઆત ને ધ્યાનમાં રાખી ફળઆપનાર વૃક્ષ તેમજ આયુર્વેદ છોડ નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે આઉપરાંત શાળામાં પર્યાવરણ પ્રેમી શિક્ષકોની ટીમ મહિનામાં એકવાર જે તે ટીમ વૃક્ષોની રૂબરૂ મુલાકાત લઈ વાલીશ્રી સાથે રાખી તેનાં ઉછેર અંગે વિચાર વિમર્શ કરવો..

ઉપરાંત વૃક્ષો ને રક્ષણ માટે વૃક્ષનાં ફરતે જાળી લગાવવી... એટલું જ નહીં પણ વર્ષ નાં અંતે સરસ રીતે માવજત કરેલ શ્રેષ્ઠ વૃક્ષની પસંદગી કરી પ્રોત્સાહન ઈનામ આપી આ કાર્ય ને બિરદાવી આ પ્રવૃતિને આવનાર દિવસોમાં વધું ને વધું વેગવાન બનાવવા માટે નાં તમામ પ્રયત્નો શાળા પરિવાર દ્વારા કરવામાં આવશે..

# ડભોડા સ્થિત એમએચ વિદ્યામંદિર દ્વાર શૈક્ષણિક પ્રવાસ યોજાયો



ચિલોડા,તા.૦૮

શ્રી એમ. એચ. વિદ્યામંદિર, ડભોડા માં અભ્યાસ કરતી ધોરણ ૯ થી ૧૨ની ૨૭૦ વિદ્યાર્થીનીઓને તા.૦૪/૦૭/૨૦૨૩, મંગળવારના રોજ ગાંધીનગરના એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં અડાલજની વાવ, ત્રિમંદિર, મહાત્મા મંદિર, દાંડીકુટીર અને બાલોદ્યાન, સેક્ટર-૨૮ જેવા સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી. ગાંધીનગરના એક દિવસના શૈક્ષણિક પ્રવાસ પ્રવાસની વિદ્યાર્થીનીઓને ખૂબ જ મજા આવી હતી.

# અરહા ફિટનેસ સેન્ટરનો ભુવન ચૌહાણ દ્વારા પ્રારંભ




ગાંધીનગર, તા.૮

શહેરના કુડાસણ સ્થિત લેન્ડમાર્ક ખાતે ત્રીજા માળે અરહા ફિટનેસ સેન્ટરનો શુભારંભ આઈએફબીબી પ્રો ભુવન ચૌહાણના હસ્તે કરવામાં આવ્યો છે. શહેરનું એક માત્ર ફિટનેસ સેન્ટર છે, જે રાત દિવસ એટલે કે ૨૪ કલાક કાર્યરત રહેશે. ફિટનેશ માટે સજાગત ધરાવતા શહેરીજનો ગમે તે સમયે કસરત કરી શકે છે. અરહા ફિટનેસમાં સર્ટીફાઈડ ટ્રેનરો દ્વારા તાલિમ આપવામાં આવશે. જયારે ફિટનેશના આધુનિક સાધનોથી સજ્જ અને વિશાળ જગ્યામાં ઉભુ કરાયેલ આ સેન્ટરનો લાભ મોટીસંખ્યામાં નગરજનો લઈ શકશે.

ટચૂકડી જાહેર ખબર

પ્લાન પાસીંગ તથા ઈમ્પેક્ટ ફી અંગેના કામ માટે મળો.

મેહુલ એમ. રાવલ

ફોન નં.

98240 46636